૫૭૯૪

લાલપરી મહાલ કંગન નાટકનાં ગાયનો.

વાલોડ આર્ય ધર્મ જ્ઞાન વર્ધક

નાટક મંડળીમાટે

રચ્યો પ્રસીદ્ધ કરનાર.

શેઠ. માણેકલાલ લક્ષ્મિદાસ.

જ્ઞા. ખરોળાવણીક. મુ. વાલોડ

"શ્રી શાઇનીંગ સ્ટાર" પ્રીન્ટીંગ પ્રેસમાં ગંગારામ આત્મારામ પંડીતે છાપ્યાં.

સંવત ૧૯૫૦ સને ૧૮૯૪

કીમત બે આના.

લાલ પરી મહાલ કંગન નાટકના
ગાયનો

સુત્રધાર— ૧

વિશ્વપતી મતી ગહન છે તારી, અભિવંદન કરૂં પ્રેમ પસારી. વિશ્વ
વિશ્વ નાટકની રચના રચી તેં, રચના વિચીત્ર દીસે ચીતહારી. ૧
સનમતી આપી દુરમતી કાપી, અક્ષય વિજય જગ હેતુ વધારી. ૨
નાટય રચ્યું નાથ તારે આધારે, શુભ પદ દે વિભુ વિઘ્ન નિવારી ૩

નટી— ૨

શી છે આજ્ઞા પ્યારારે, વિલંબ થયો તે કરો કસુર ક્ષમા. સુનેરે. શી છે
પળ. ભુષણ સજતાં અંગે, ધરતાં કંગન કરમાં ઊમંગે.
વિલંબ થયો આ પ્રસંગ, સુજને વ્હાલા મારારે. શી છે. ૧

સુત્રધાર ૩

કનકવલય તુજ કરમાં દેખી, યાદ મને અહીં આવ્યું,
લાલપરી મહાલ કગનનું, નાટક આહીં ભજવું,
જાનુ પ્રીત ધારી, કર પાત્ર તણી તૈયારી. ૧

ગંભીર શીંહ— ૪

ચંદ્રવદન ચંપકવરણી કરમાયુ છે કેમ તારૂં રે.
રોસ ધરી રામા અંતરમાં, રીસાવી સાસારૂં રે. ચંદ્ર. ટેક.
ભમર ચડાવી મુખ મરડાવી, કેશ છુટા વીખરાવીરે,
દીશે રીશે લોચન તુજ રાતાં, કોણે તન દુભાવીરે. ચંદ્ર. ૧
નહીં હાલે નહીં બોલે ચાલે, નીરખું નયનથી ભાળીરે,
સુતનવી શાણી મુજ મનમા, દુખ તારૂં આ સાલેરે. ચંદ્ર. ૨
વદન થકી વદ વચન હરતું, વીકળ થઇ કેમ વ્હાલારે,

કમળ નયનથી નીર ધારા, તારાં આજે કેમ ચાલીરે. ચંદ્ર. ૪

વીલાશવતી— ૫

સાચો નથી સ્નેહ સ્વામી, આપને શું કહીયેરે,
નીત્ય નીત્ય દુઃખ આવાં કાંહાંસુધી સહીયેરે. સાચો. ટેક.
તમ છતાં તન પાટવી તમારો, ચલાવે જો હાકો દોર મનમાં મુઝાઇયેરે. સાચો. ૧
પુરણુ પ્રેમ છે પ્યારા તમારો, પણુ પાટવીની આગે ઠરી નહીં રહીયેરે. સાચો. ૨
પુત્રો આગળ નહીં ઉપજે તમારૂં, તેથી હું ને પુત્ર મારે મહીયેર જઇયેરે. સાચો. ૩

૬

દાસી— કહું કર જોડીને સત્ય સર્વ માહારાજ,
આપ અંતહપુરમા થયું અરીષ્ટજ આજ.
માહારાણી તણી તમ તનુજો લેતાતા લાજ,
સુભાગ્યે ઊગરીયાં બાઇ ગરીબ નીવાજ. ૧

૭

દાસી— છુટી વેણી તુટી ફુટી મોતી માળ,
પડયાં બાઇ ઊભેથા ભૂમી ભૂપાળ;
શુણી શબ્દ મેં આવી લીધી સંભાળ,
ગયા નાશી નીષ્ફળ વીમૂખ બાળ. ૧

ગંભીરશીંહ— ૮

ધીક ધીક તમોને છે ધીક્કાર, કતઘ્રી કૃત્ય આશું કર્યુંરે.
કુલ દુષીત કપુત છો કુમાર, કતઘ્રી. ૧
મારૂં ઠાર ગ્રહી આ તલવાર, કતઘ્રી.
હત્યા તણો ઉર આવે વીચાર. કતઘ્રી. ૨
શાપે સાલાર, સ્નેહીવ, સુરવીર, ઊઠોની શમશેર ગ્રહીરે,
છેદો ત્રણે કુમારોના શીર. ઊઠોની. ૩

પ્રધાન. શેન્યાપતી.— ૯

ક્ષમા ક્ષમા હે સ્વામી, નીજ તનય પર જુલમ ન ગુજારે
અતર વાત વીચારો, રાજ કુંવરોને ગરદન નહીં મારો. ૧

કુમારો— ૧૦

અરર અરજ ફરજ સમજ, તનુજની ઊરજ ધરો,
કારમો આ કેર ક્રોધ. ક્લેશ આપના કરો. અરર ટેક.
છૈયે હમો નીર્પરાધ, શાને કરો છો ઘાત,
તાત કંઈ વીચારો વાત એમ પીતુ પરહરો. અરર— ૧
કરો પીતા પુત્રી તપાસ, કરો નહીં સાહસ વિનાસ,
નાહક નવ કરો નીરાશ, પ્રપંચ છે એમાં ખરો. અરર— ૨

ગંભીરશીંહ— ૧૧

ચુપ ચુપ રહોને હે ચંડાલ, વધુ ન મુખ થકી વદોરે
જાણ્યા જાણ્યા સરવ તમ હાલ. વધુન. ટેક
હવે નથી મને છેડવાના ખ્યાલ; વધુન.
જાઓ થાઓ ઝટ દેશ નીકાલ. વધુન. ૧

ચંદ્રસેન— ૧૨

વીલંબ નહીં કરો, ભ્રાતા અહીંથી પરવરો. વીલંબ— ટેક
લુણ હરામ અહીંનું આજથી, હવે આ રાજમાં રેવું નથા,
વચન તાત, હવં સાથ, શીશ ઊપર ધરો. વીલંબ— ૧
ગબલભાઇ રાજ પામસે, અપરમાના દુખ સૌ જશે,
અપર માત, પુનીત તાત, ગબલ ભ્રાત કેરૂં દુખ હરો. વીલંબ. ૨
જઇએ પીતા આ રાજય પરહરી, હુકમ આપનો શીરે ધરી,
સુણો તમામ, આણે ઠામ, છે પ્રણામ, સૌ ચીતે ધરો. વીલંબ. ૩

૧૩

નાગરીક—હે રાજયના આધાર આપ કયાં સીધાવો છો,
તજી હમોને દુખ દધીમાં સીદ ડુબાવો છો. હે—ટેક
અજબ ગજબ આ શો થયો, લાગે અંગે લ્હાય

ચર ચર ચીત ચીરાયછે ધીરજ કેમ ધરાય;
સૌ સમાજ, રાજ, કાજ ત ? કાં ગભરાઓછો. હે.—૧
મહારાણી જો હોત ના આમ કદી નવ થાત,
વેરણ થઇ તમને નડી, આ જે આપરૂ માત;
પધારો પાછા પુરમહીં સ ... ગુઝાવેછો. હે.—૨

૧૪

રાજકુમારો—નયના નીર શી સે ય, ના કરો. નયના— ટેક
ધીર ઊર ધીરીશે ધરે, ... સૌ ફરો,
ફરા. ને નહીં ... વીર નરો નયના.— ૧
છે પ્રેમ તેવા ... છે.
તજી વીલાપ આપ ... પુરમહીં ...,
પળો. ને. નહીં ..., ... નય ૨

૧૫

વીર—(આ) વીકટ વન આ ... ભ્રાત જુઓની વીકટ—ટેક
... ઝાડ ..., ...,
વરશાવી અધાર ... ભ્રા.ના— ૧
કનક—વ્યાઘ્ર, વરૂ ... સાર ... ર,
સુજતો નથી ... ભ્રા ાા— ૨
ચંદ્ર—ભ્રાત શું ... ભ્રાત ... સાથેરે,
સાહ્ય કરશે વીશ્વનાથ, ... થાઊંરે. ભ્રાતા.— ૩

૧૬

ચંદ્ર—આહા આશો, મ્રગ કનકના, શોભિતો દીવ્ય શોભે,
રૂપાની છે, સધણ ... દર્શ ન ચીત્ત લોભે;
એનાં શૃંગો, મણિઅકિત, રત્નથી ઊચ્ચ આપે,
ચાલો ઝાલો, વિરહહરિણને, યુક્તિથી આજ ચોંપે. ૧

બીઓ— ૧૭

નંદન વનની ઉપમાનરે, અતી ઊપવન શોભે, અતી. ટેક.

કલાર, કુમુદ, કુવલય કદબને, સૌરભ કમલીની પાનરે. અતી- ૧
અકુલ, બકુલ, ફુલ ચંપો, ચંપેલી, ગુલછડી સુહાગ કમાનરે. અતી૨
મધુર, મયુર, કીર, કોકીલ મેના, મનહર કરેછે ત્યાં ગાનરે. અતી-૩

૧૮.

કુમારો.— ત્રાશી નાશી આવ્યુ હરીણુ ઊપવનમાં,
આરે ઊપવનમાં આ કદળીના વંનમાં. ત્રાશી. ટેક.
છુપાઇ છુપાઇ, ગયું ભરાઇ,
જડયું નહીં શોધી વળ્યા વશ્યુંછે મંનમાં. ત્રાશી ૧

૧૯.

પરીઓ—જરા, રાજ કુમારો વીચાર કરો. જરા—
વીચાર કરો ધીર ઊરમા ધરો. જરા.— ટેક
મારમો મ્રગ એ કંચન કેરો, એ હાથ કદી નહીં આવે,
એ રાનોરાન રખડાવે, એ લાલચમાં લપટાવે,
પ્રાણુ હરણુ હરીણુથી દીલમાં ડરો. જરા. ૧
મ્રગ જલવત મોહ છોડો હરીણુનો, કંચનનો મ્રગત્રન જોઇ,
ગયા રામચંદ્ર ત્યાં મોહી, મ્રગ માટે શીતા ખોઇ,
દુખ દાયક કુરંગ મનથી વીશરો જરા ૨

૨૦

પરીઓ— માનો માનોને રાજ કુમારો તમે,
માનો કુમારો તમે, વિનવીયે આજ હમે, માનો ટેક
હમો છીએ ત્રણે બેનો ઇંદ્રની પરી,
સુરત મુરત નીરખી આજ મન રહ્યું હરી,
અનગ અંગમાં રમે, આપમાં ઉર ભમે માનો—૧
રશીક છેલ ગાલો મ્હેલ અમ તણો શાહી,
રંગ રેલ સ્હેલ ખેલ માણો અહીં રહી,
પરીઆ પાયે નમે, પધારો આણે સમે. માનો—૨

૨૧

લાલ— વીષ્ણુ. વીરંચી. વીષધર જેવી, જોડી ત્રણની શોભે,
ચંદ્ર — રમા, સાવીત્રી, ઉમા, સમ જોઇ, મુદીત થઇ મન લોભે,
લાલ— જોડી મળી સારી, એક મેક તણી ખુશકારી. ૧

ચંદ્ર—

કુમારો— ૨૨

પ્રીતેથી પ્યારી ચાલો. (૨) ચાલોરે. પ્યારી તમારે મ્હેલ, પ્રીતેથી
વીર— મધુર ભાષણી મનહર મહીલા, મંન મુદીત કરનાર;
માણીક—ચાલો હે પ્રાણા ધાર. પ્રીતેથી. ૧
કનક—પ્રેમ પુરણ તુજ નીરખી હરખી, આવુંછું આવાર,
નીલમ —ચાલો હે પ્રાણાધાર. પ્રીતેથી. ૨
ચંદ્ર— સ્વરૂપ અનુપ ભુપ લાયક તારૂં. મન મારૂં હરનાર,
લાલ— ચાલો હે પ્રાણાધાર. પ્રીતેથી. ૩

૨૩

ચંદ્ર— ચંદ્રવદન ચપલ નયન ચતુર ચીત હારી,
ગૌર વરણ પ્રેમ ઝરણ તરૂણ રમણીરે,
નીરખી તને હરખી રહ્યો પરખી પ્યારીરે,
પરખી પ્યારીરે તું છે જીવન મારીરે. ચંદ્ર વદન.

૨૪

લાલ—ભાગ્યોદય મારો થયોરે ભાગ્યોદય,
ધન્ય શમય ધન્ય દીવશરે. ભાગ્યોદય.— ટેક
ક્ષીર વીર નીર ગંભીર, હંશ ભ્રમર આપછો,
લીન દીન મીન છું હું, મુક્તા કમલ હાં. ભાગ્યોદય. ૧
મનવાંચ્છીત રશીક પ્રેમી ચતુર નર મને મળ્યા,
હરશું ફરશું રમશું કરશું મૌજ સર્વદાં, ભાગ્યોદય ૨

લાલ— ૨૫

મન મોહનરે ભગની જીવન જાઉંછું, ઝટ જઇ હુ પ્રીતમ આવુંછું.
ચંદ્ર—

પરી પ્યારીરે, પ્રાણ છે મુજ તુજ પાસે. ઘડી એક કલ્પસમ થાશે.
લાલ—નહીં સોચ કરો મનમાંહીરે, પ્રીય આવું પલકની માંહીરે,
છે કામ અગત્યનું ત્યાંહીરે છે કામ.—
ચંદ્ર—ઝટ આવજેરે, નીંદ્રા વશ હું થાઉંછું. ઝટ જઇહું.— ૧

૨૬

ચંદ્ર—દીશે ... હારોહાર આ, ટાંગેલ ખોપરી,
ક્યાંથકી એકત્ર સર્વે, ત્યાં કોણે કરી. દીશે.
અરે ખરે શું કૃત્ય આ, કીધું હશે પરી,
હસેછે ભાળી મુજને, ખડખડાટ એ ખરી. દીશે— ૧

ખોપરીઓ—

૨૭

આવ્યો આવ્યો હે માનવી ક્યાંથી અહીં. આવ્યો.
થયા જેવા આ હાલ હમારા, થાશે તેવા તારા હાલ સહી. ૧
પરીઓના ફંદમાં, હાહાહાહા. ફસ્યો ઉમંગમાં, હોહોહોહો.
ભોજન જમાડશે, હાહાહાહા. રંગે રમાડસે, હોહોહોહો
પછી તને મારશે, હાહાહાહા. ફરશો બનાવશે, હોહોહોહો.
નાશીજા નહીંતો બચેતું હયાં નહીં. આવ્યો આવ્યો.— ૧

લાલ—

૨૮

પ્રીતી તમારી ઉરમાં ધારી, સત્ય હકીકત કહુ છુ ઉચારી. પ્રીતી
અમન ચમન ખટદીન કરાવી, સાતમે દીવસે નાંખીશું મારી ૧
રંગે રીઝાવી મ્હેલમાં લાવી, નાંખ્યા નવાણું નરોને વીડારી. ૨
તમોને સંહારી ફરશો બનાવી, કરશું પુરણ મનોવૃત્તી હમારી. ૩

૨૯

ચંદ્ર— ધીક્કાર છે તુજ પ્રેમને, ધીક્કાર છે પરી,
ધીક્કાર તારી યારીને, ધીક્કાર સુંદરી. ધીક્કાર. ટેક.
પ્રથમ બની તું પ્રીયકરી, અંતે થશે અરી,
હે ઘાતકી હે પાતકી, આશી મતી ધરી. ધીક્કાર— ૧
પ્રાણાધાર ધારી પ્યારી, પ્રીતમે કરી,

શુદ્ધ પ્રેમ જાણી વ્હેમ, ધાર્યો નહીં જરી. ધીક્કાર. ૨
પ્યાસી છે મુજ પ્રાણની, હે પ્યારી તુ ખરી,
પ્રીત માટે અરપું પ્રાણ. અસી કરે ધરી. ધીક્કાર— ૩.

લાલ— ૩૦

મ્યાન કરો તલવાર પ્રીતમ પ્યારા, ક્ષમા ક્ષમા આવાર. મ્યાન
ચરણ કમળની કીંકરી છું હું. આપની તાબેદાર,
પ્રેમ તમારો નીર્મલ જાણી, જોડયો છે સાચો પ્યાર- પ્રીતમ-૧
નર નવાણું ભોળવી માર્યા. તમે છો પ્રાણાધાર,
બચવા તણી બારી બતલાવું, તમને હું હૈયા હાર. પ્રીતમ- ૨

પરીઓ ૩૧

મારા નેનના તારા, પ્રાણથી પ્યારા. પીઓને આ શરાબ,
સદા ખુશ કરનારા, ફીકર હરનારા, પ્રાણથી પ્યારા- પીઓને ટેક.
માણીક— પીઓ પીવરાવો પ્રેમથી, મધુ ગુલાબી આજ,
નીશો કરી મોજ માણુશું, રંગે મારા રાજ;
વીર— પાઉં પ્રથમે હું પ્યારી. પી પ્રીત ધારી, હર્ષ વધારી, પ્યારી
નીલમ— મનરંજન છે આ મધુ. પીઓ ધરી ઉલ્લાશ,
મોજ કરો મન માનતી, રહી સદા મુજ પાસ:
કનક— પાઉ પ્રથમે હું પ્યારી. પી પ્રીતધારી, હર્ષ વધારી, પ્યારી ૨
લાલ— મણી મય પ્યાલો પ્રેમનો, પ્યોને પ્રાણજીવંન,
ચંદ્ર— સાબાસ સાચી સુંદરી, તારા પ્રેમને છે ધન્ય;
લાલ—સદા ખુશ કરનારા, ફીકર હરનારા, પ્રાણથી પ્યારા., પ્યોને ૩

૩૨.

લાલ— થઇ બેભાન દારૂથી આ બેન મારી હો-
હવે જવા તણી કરો તમે તૈયારી- ૧
ચંદ્ર— રહ્યો તુજ સાથ પ્યારી પ્રેમ જાલ જોડી. જો-
પીછે મને પ્રેમ વીરહ કેમ જશો છોડી. ૨
લાલ-- કદી જો જાગશે નીશાથી બેન મારી હો,

યાશે દશા પછીથી શી જુઓ વીચારી. ૩.
ચંદ્ર— ભલે આ પ્રાણ જાય હાં કદાપી પ્યારી જે,
ફરૂં ન નયનથી તને જગ.હુ ન્યારી. ૪.
લાલ— સાબાસ છે પ્રીતમ સાચી યારી મારી હો,
આપુ "મદાલ કંગન" આપને ઊતારી. ૫

૩૩.

લાલ— આપો વચન હે પ્યારા, મમ આજ્ઞા વીણ લગન નહીં કરવું
ચંદ્ર— લે આ વચન હું આપું, વચન થકી કદી મારે નહીં ફરવું
લાલ— મદાલ કંગન મારૂ, પ્રીતી ખાતર આપુ છુ પ્યારૂં,
ચંદ્ર—લાવ હું હસ્તે ધારૂ, પ્રેમ નીશાની દર્શન દેનારૂં. ૧

૩૪.

લાલ— મદાલ કંગન ઠોકતાં, આવી મળીશ હું યાર
જીવ સમ જાળવજો સદા, ઠીક છે પ્રાણાધાર (ચંદ્ર.) ૧

૩૫

ચંદ્ર—છબીલી છોડીને જાઊંછું, લાચારીથી આ વાર,
લાલ—જાઓ કહેતાં જીભ ન ચાલે, પણ છુંહુ લાચાર ૨
ચંદ્ર—પૂર્વ પુન્ય પ્રતાપથી, મળી પરી તું લાલ,
લાલ—છે પ્રેમ તેવો રાખજો, પ્રીતમ પ્રાણાધાર. છબીલી ૧

૩૬

માણીક—તું ઉઠરે નીલમપરી હે લાલ શું તું સુઇ રહી,
ગયા કુમારો છેતરી આ મ્હેલમાં મળે નહી.
નીલમ—હાય હાય શું થયું એની આ વાત શી બની,
ગયો શીકાર હાથથી. કરીશું શુ હવે અહીં.
લાલ— વીલંબ હવે કરો નહીં, જુઓ જરૂખેથી જઇ,
જતા જણાય જો કદી તો લાવીએ જઈ અહીં.
લાલ—

૩૭

શું કરશે એ એની, ભીરૂ બનીશ નહીં દાખવ ચતુરાઈ,

હાથ બતાવી દેની, ખેંચી ખડગ તું જઈશ ન ગભરાઈ. ૧

માણુક-નીલમ— ૩૮

જાણું જાણી તુજને લાલ ખ્યાલ જોયો તારોરે. જાણી. ૨૬
લાલ—ખ્યાલ શું જોયો એનો હે મારો,
મા—ની— ચુપ. લુચ્ચી, ચુપ,, ચુપ હે લાલ- ૧
કપટ કરી હે પાપીણી, કહ્યું તેં ગાનમાં,
કરે કરીને કુંવરને સમજાવ્યો સાનમાં;
લાલ— કહ્યુંકર્યું તે મેં તુજને ચેતાવી, (૨)
મા-ની- ચુપ લુચ્ચી ચુપ ચુપ. હે લાલ. જાણી- ૨

ગંભીરશીંહ— ૩૯

મારા હાથ થયાશા હાલ. નથી આવતો મારો કાળ. મારા.
પુત્રો પ્રતાપી નીરદોશી પર, વથા ચડાવી આળ,
કપટ કરીને એ કુલટાયે કરાવ્યા દેશનીકાલ. મારા- ૧
સુરશેનશું જાહી રમવા, માટે કર્યો ભુપાલ,
કત્યાયે મને કેદ કરાવી, આજ કર્યો બેહાલ. મારા- ૨

૪૦

કુમારો— રૂષીરાજ એક અર્જ છે અમારી,
પુછીયે પ્રશ્ન તે કહો તમે વીસ્તારી;
એવો શું બન્યો બનાવ દુઃખકારી,
રૂવે તમામ ઠામ ઠામ નર ને નારી. ૧

વીપ્ર— ૪૧

આ નગરના નરપતી તણો સુત મર્ણ પામ્યો છે અહીં,
રહે રાત્રી ત્યાં સબ જેહ તેહ ઉપાડી ભુત જાએ સહી;
સબ કુંવરનું સબ જાગે ભુત પીશાચ રાત્રીમાં ગ્રહી,
કરગે કુંવરની અવોગતી તેથી રૂએ જન પુર મહીં.

કુંવરો— ૪૨

ભુપને જઈને કહો વીપ્ર તમે, સબ સાચવીશું નીશ્ચેજ અમે,

મગદુર નહીં ભુત આવી શકે, મગદુર નહીં સપને ઊચકે- ૧
વખતશીંહ— ૪૩
દીલ મારૂં દુખાય રીબાય, સમય આ પુત્રનો જોઇ, દીલ- ટેક
કુલદીપ મારો, બુઝાયો પ્યારો, ગયું રત્ન ગ્રં કેમ સહાય- ૧
પ્રાણ આ મારો નથી થતો ન્યારો, મારૂં ચરચર ગીત ચીરાય- ૨
મ્હેલ ન રખાય, ચોક મુકાયે, સબ ભુતો જશે લઇ હાય- ૩
દુખ આ એવું, કોને કહેવું, પડે ગમ નહીં જીવ ગભરાય- ૪
કુમારો— ૪૪
સાને સોચ કરોછો. માહારાજા મનમાં. સાને-- ટેક
રક્ષણ સપનું હમો ત્યાં કરશુ, નીશંક રહો શું ડરોછો. માહા. ૧
ભુત પીશાચ તણો ભુપ ડરશુ, ઊરમાં આપ ધરોછો માહા-- ૨
જશે સપ તો તન થઇ હમો રહીશું, નીરશુ નયો ભરોછો. માહા-૩
૪૫.
પ્રધાન— છો પરાક્રમી રણધીર પ્રતાપી પૂરા,
પર પીડ હરણ છો ક્ષત્રી તનુજ માહાસુરા;
તમે દીધો દીલાસો દુખમાં આવીને આંહીં.
રહો કુશળ આપે યશ ઇશ સદાગુણ ગ્રાહી. ૧
૪૬
વીર.— સબ સાચવવાનો વારો, ચાર કલાક સુધી છે મારો.
તમે સયન કરો જઇ ભાઇ, થયે શમય આવજો આંહી,
મુજ પછી કનક તુજ વારો, ચાર કલાક સુધી છે તારો
વીતે કનકસેનનો વારો, પછી આવજે ચદ્રજ તારો,
વીશ્રામ મુકામે પધારો ચાર કલાક સુધી છે મારો. સબ.૨
૪૭.
ભુતડાં રાજકુંવરને લાવીયે હાં હાં હાં હો હો હો હો
અલ્યા હુંઠા અગાડી થા થા થા હા હા હા હા
અલ્યા ભુલા તુ આગળ જા જા જા હો હો હો હો

હું નો પ્હેલો જાણી, કુંવરને લાણી, કરડીને ખાણી
મરડીને ખાણી, બચકાને ખાણીરે હાં હાં હાં રાજ.

૪૮.

વીર—ભૂતપ્રેત ડાકણી પીશાચ સાકણી ગણો,
ખબરદાર ખડગથી કરીશ ઘાત તમતણો; ભૂત.
હસો નહીં ધસો નહીં જો અહીં થકા જસો નહીં,
કરીશ ઠાર આણીવાર અશીની ધારથી અહીં, ભુત ૧

કનક— ૪૯

થઇ ખુશી અજાયબ વાત આવી, ગયું કોણ લાસને ત્યાંથી ઉઠાવી
ઘેરાયો ઘેનમાં નીદ્રા તણાં હું અરે બેભાનમાં મે એ ગુમાવી થઇ-૧
પાપી પીશાચોએ નીશ્ચેજઆવી, ગયા લઇ લાસને એ લાગ લાવી-ર

કનક ૫૦

ખોટી હવે વીદ થાણી જાણી સ્મશાન ભુમી માંય. ટેક
તેલ સીંદુર ખુબ અંગે ચોળી ધરૂં કપીનો વેશ
હાલ પીછોડી હોડી જાણી બનીને હું બજરંગ એશ ખોટી- ૧
ઠાઇયારી જઇ કરૂં ક્રોધમાં. કરુ શે નાસાનાસ
ભપર ઝપટથી જઇને લાવું, રાજકુવરની હું તો લાસ. ખોટી- ૨

ભુત ાં— ૫૧

મળ્યો મળ્યો સે ભક્ષ મઝાનો કે હરવે આવોરે,
આજે આજે આનંદનો સે દાડો કે ગરબા ગાવોરે.
રાજ કુંવર એ સે રૂપાળો રે, સે હોભીતો ને લટકાળોરે,
સે તાતો તાતો ઇ મદમાતો કે હળી મળી ખાવોરે. મળ્યો- ૧

૫૨

ચંદ્ર -જાઓ જાઓ અહીંથી દૂર થાઓ દુષ્ટ પીસાચો આજ.
ખબરદાર નહીં આવો ધસીને સરે નહીં તમ કાજ;
ટુક ટુક કરીનાખું હમણાં ખેંચી આ તલવાર,
[અધમ ગમાર, મારૂં ઠાર,

શ્રેણીન શક્તીના સ્નેત ચક્ષાનું સર્વેના આવાર. જાગ્યો—

૫૩

ચંદ્ર— નીંદ્રા આંતકે નેન ભીષ્મ રેન ચેન પડે નહીં,
ખરખરી પ્યારી પર્યંત પરલગી આવ્યો અહીં નીંદ્રા.
હા ગાયું હવે યાદ આ મહાલ ફગન કર મહીં,
અજમાવું અને આજ હું છેસાવ્યું કે ગુંહું સહી. નીદ્ર

૫૪

લાલ - અરે દીલદાર અહીં કેમ બોલાવી મને,
ચંદ્ર— [illegible] રમત ગમત કાજમે બંલાવી તને. ૧
લાલ— [illegible] હું હતી પડી વીખુટા જ્યારથી,
ચંદ્ર— [illegible] હું હતો અપાર તારા પ્યારથી. ૨
[illegible] પ્રેમ રંગ બોટ ત્હારો થઇ
લાલ— માગી [illegible] નાશી સર્વ પ્રાણ પ્યાના ગઇ. ૩
ચંદ્ર— [illegible] પ્રીતી પ્રાણ પ્યાની પરી,
લાલ— પ્યારા અપાર પ્રેમ કેમ હું જાણું વીસરી. ૪

૫૫

વખતશીંગ— મુએલા આ મરા સજીવન કિધો પૂવ પ્રિતથી:
જાણી મારા રાખ્યા, સકલ જગમાં વરાજ નક્કી
થયો આભારી હું તમ નવ વળે પાડ મુજથી,
ગમે તેવું માગો, વચન તિર ઇચ્છાત મુખથી. ૧

તખતશીંહ ૫૬

અરજ સુણો આવાર, પીતાજી અરજ સુણો આ વાર.
વાહ સીત નયન કમલ થતાં મુજ, નીર્ખ્યા આ રાજકુમાર પીતાજી.
અમ આગળથી અધર ઉડી ગઇ, મનહર દીવ્ય કો નાર પીતાજી
હશે પરીકે દેવી ગાંધ્રવી, પામ્યો નહીં તે પાર પીતાજી. ૩
પુન: ચૈતન્ય વસ્યું મુજ જડ તનમાં, એહ એમનો ઉપકાર પીતાજી.

૫૭

ચંદ્ર— કંચન મ્હેલ બનાવ, હે પ્યારી પરી. કંચન ટેક
શોભીત સુંદર રૂપત મેડીનાગે, હીરામણી રત્ન જડાવ. હે
ઇંદ્ર ભુવનની રચના સર્વેરે. પ્રેગથી શું દરસાવ હે. ૨
શોભીત અંદરથી અતી આગેરે. દુર્બળ બાહાર દેખાવ હે. ૩

વીજયા— ૫૮

પ્રાણ પ્યારા વીનતી મારી, લીઓ ઊર ધારીરે. પ્રાણ—ટેક
મુજ તાતે અરપી તમને, થઇ હું તમારી,
મનથી મેં માન્યા તમને, ફરો નહીં ન્યારીરે- પ્રાણ ૧
મોજને વીલાસો માણો, બેન બેઊ મારી,
આપને આધારે પ્યારા, રહી હું કુવારીરે- પ્રાણ ૨

૫૯

ચંદ્ર— શું કરવા સોચ ધારે, હે શાણી સુંદરી,
કઠીણ છે વ્રત મારે શું કહુ હું ઊચરી;
મુજ વ્રત ભંગ થાયે, તો જાણી હું મરી,
નર સોધી અન્ય કોઇ, થા સુખી તું વરી. ૧

૬૦

વીજયા—આશ અતી છે આપને વરવા,
આપને વરવા પ્રીતમ કરવા. આશ- ટેક
ચંદ્ર— વ્રત હમારૂં ભંગ ના કરશું,
વીજયા—નારે કહેશોતો નીસ્ચય મરશું:
ચંદ્ર— આત્મ હત્યા થકી હવે ન ડરશું,
વીજયા— ડરશું, કરશું, મરશું તમોને વરવા. આશ- ૧

વીજયા— ૬૧

સુરવિર રણધીર નર છે અડગ એ સહી,
વરું તો એહને વરું બીજો વરૂં નહીં,
પ્રતાપી પુર્ણ પુનીત છે એ પૃથ્વીની મહીં.

થાઉં હું કૃતાર્થ કર કુમારનો ગ્રહી.
કરી જપ તપ તીર્થો પામીને પતી અહીં,
મનથી – તનથી – ધનથી ·
એને વરૂં. કદી ન ફરૂં "નિશ્ચય કરૂં", કુમારીકા રહી,– વરૂં.

કમળા— ૬૨

આહા કિંનખાબ જ મહેલ મઝાનો શોભીત આ મહેલ છે,
રંગ માણિક મોતી હેમ મઢેલો વીચિત્ર ચોડેલ છે;
શોભે આરસ ભુમી આ નવ નવી. રંગોથી રંગેલ છે,
ગ્રંથે ઝાલર આ જરીની ઝગમગે, શોભા શી મુકેલ છે.

લાલપરી— ૬૩

કેમ પરમંદીરમાં આવી નારી ધુતારી હમારી– કેમ–ટેક
કમળા અરે જાણી, નહી ગાળો દેશો માફ માફ માફ કેમ. ૧
લાલ—અરે તું તો અધમ છે નાર! અંતર વાત ન વીચારી,
વીશય રસની વીકારી, આવી રમવા તું તો નારી– કેમ. ૨

૬૪

લાલ— જાણ્યા જાણ્યા હમારા આજે પ્રાણ પ્યારારે.
જાણતી હતી નહીં આમ થશે જાણ્યા. ટેક.
ચંદ— ક્રોધ કરે શા કારણ પ્યારી (૨)
લાલ— સુતી હતી સૈયા પર કોણ હારારે. જાણતી. ૧
ચંદ— અરરર આ શી વાત કરેતુ. (૨)
લાલ— કોલ તોડી અજાણ્યા શું થાઓ પ્યારારે. જાણતી. ૨

૬૫

જયા— અદભુત અતિ શોભે, રમ્ય આ મ્હેલ કેવો,
જન તન મન લોભે, નિર્ખતાં લ્હાવ લેવો;
મણિમય ભુમિ ભાસે, ચિત્ર વીચિત્ર ચારૂ,
નિરખી નિરખી સર્વે, રુચિયું મન મારૂં. ૧

૬૬

લાલ—પર મંદીર અંદર પર્યંક પર, આવી પડી કેમ તું પાપી,
જયા—જાતવાન વાળી જાણી હતે હું, મારો નહી માગુ મારી.
લાલ-વ્યભીચારી વગી આવી કેમ તુતો ફાવી ફાવી.
તારી બુરી દશા થાવી દઊં હાથ હું બતાવી.
જયા—નહીં મારે મને મારૂ મ્હેલ ..વા માટે આવી. વ્યભી. પર.

૬૭

લાલ—ધીક ધીક એ નારી, નર એ છે વ્યભીચારી,
ગયો વચન એ હારી, મારી પ્રીતને વીસારી
ભોગવે છે અન્ય નારી, ના જ થઇ. ધીક.
હવે કંગન આ પ્યારૂ, લેઇ લેઊં હું મારૂં,
મારા હાથમાંહે ધારૂ, એની પ્રીતને વીસારૂં,
મારે મ્હેલે હું પધારૂ, પાપી સમજ્યો નહીં. ધીક.

ચંદ્ર—
૬૮

કંગન ક્યાં ગયુ મારૂં, અહીં થકી, કંગન ક્યાં ગયું મારૂં ટેક
મહાલ કંગન, એમ ક્યાંયે મુકાયું, છે મુજ જીવન પ્યારૂં અહીં. ૧
સોધી વળ્યો એ સર્વે સ્થળે હું, મનનું સુખ કરનારૂં. અહીં. ૨
પ્રેમખાતર એ અરપ્યુ પ્રાયાગે, સંયોગ સુખ દેનારૂં. અહીં. ૩

ચંદ્ર—
૬૯

ભેખ ધરી હું ભાવે, હાવે સત્વર જાઊં જંગલ માંહીં.
ધૈર્ય શી રીતે ધારૂં, "લાલ" જતાં ગયુ સત સમું જ આંહીં. ૧

૭૦

ચંદ્ર—ગયું કંગન તો માહરૂં, ગઇ પરી હાય લાલ,
હવે જીવી હું શું કરૂં, હાય થયો બેહાલ.
હાય હાય લાલ, હાય મારૂં મહાલ,
ક્યાં ગયું મહાલ, હાય લાલ લાલ,
કરી બેહાલ, ગઇ તું લાલ, લઇ મહાલ,

હાય હાય હાય હાય.

વીર--કનક— ૭૧

કેમ ભેખ આ ધર્યો, કેર આ કોણે કર્યો.
હાય મદાલ હાય લાલ આ શું ઊચરો- કેમ- ટેક.
રાજ વેશ આ શા કારણથી પર હરીયો હે ભ્રાત,
આમ અચાનક ગજબ કર્યાની કહોને અમને વાત. કેમ. ૧
એવું દુખ શું પડયું આપને કેમ ન બોલો આજ,
નથી શમજાતું કારણ કાંઇ ભેખ ધર્યો સા કાજ- કેમ- ૨

ચંદ્ર— ૭૨

કયાં ગઈ પ્યારી લાલ પરી તું, કયાં ગયું કંગન મારૂં,
તું પ્રીય મારી જીવન પ્યારી, તુજ વીણ દેહ નવ ધારૂં. ૧
રાજ સુતા શ્રી ભુવન ભ્રાતામે, તુજ કારણ સૌ છોડી,
જોગ ધરી જોઊંછું જંગલમાં, પ્રીતી પ્રીયા કેમ તોડી. ૨

શાધુઓ— ૭૩

જય જય શંકર દેવા, સદા સીવ, જય જય શંકર દેવા.
અંગ ભુજંગ ગંગ શીર પર શોભે, કરીયે તુમારી શેવા- સદા. ૧
નાથ નીરંજન ચીતમે ચહીયે, ચરન સરન તુમ રહેવા- સદા. ૨
ભવ જલ તારન પાપ નીવારન, કોઊ કલે નહીં એવા- સદા. ૩
નીશ દીન દીલમ રટે જો દીગંબર, પાવે વો મીઠા મેવા- સદા. ૪

ચંદ્ર— ૭૪

જુઓ પ્રથ્વી ઘણે ધીગ ધારી. ઊંચા શીખર [illegible] પ્રીય મારી,
છે વરતનું [illegible] શીદી, [illegible] તે ગઇ કયાં છબીલી.
ગઇ કંગન [illegible] લાલ, કહો શત્વર લાલની ભાળ.
કયાં પૂર્વે [illegible] પાપ શીર આવી પડયો આ સંતાપ.

૭૫

નીગુંણનાથ— [illegible], ક્કડ, હે ક્કડ, નાથ, દેખો જાયકે,
રોતા હે કોન જંગલ બીચ હાય મારકે,

લેઆવો બીનય બચનશેં ઊધર બુલાયકે.

ચેલાઓ— મહારાજ અબી હમ જાતે, ઊસકુ સમજાકે લાતે,

નીર્ગુણનાથ— પુછના સબ સબ ઊસકુ ઇધર આયકે- અક્કડ. ૧

૭૬

લાલ— ચીતમાં ચંદ્ર રમે, પ્રેમીપ્યારોરે. ચીતમાં ટેક

ચંદ્ર વીના ચીત માહેરૂં, ચર ચર ચર ચીરાય,

ક્લાંત થઇઆ કુમુદની, મનમાં મુગ્ધ મુઝાય- પ્રેમી. ૧

વીરહ વેદના વીશ્વમાં, જાણે વીર હીજન,

વીકળ થઇ પ્રીય વીધુ વીના, પીડે પ્રેમ અગન- પ્રેમી. ૨

તન મરદન ચંદન અને, અન ઊપવન ફૂલહાર,

સમીર સલીલ પ્રીય શશીવીના, લાગે અનલ અંગાર- પ્રેમી. ૩

૭૭

લાલ— ક્રોધમાં વીચાર જરા ચીત્તમે ના ધર્યો- ૧

વીસારી પ્રીત પ્રીતમ ઊપર જુલમ સો કર્યો. ક્રોધ ટેક

પ્રીતમ શું પ્રીતકરી, થઇ ચુકી તેની પરી,

કંગન હું લાવી હરી, દયા દીલમા ન ધરી,

હું પાપણીએ ચતુર ચંદ્ર હાથ પર હર્યો. ક્રોધ ૨

૭૮

ચંદ્ર— વન દેવતા મુજ વીનતી, સુણો તમે આવાર,

કહો કૃપા કરી મુજને, પરમાર્થી ધારી પ્યાર- વન.

ગઇછે તમારી ગગનમાં, હે વક્ષો ઊંચી ડાળ,

જુઓની હાળી પ્રીતથી, ક્યાંછે પરી મુજ લાલ- વન.

માહાં શ્વેતાસુગ્ધા માનુની, મુકુટ માથેછે જડાવ,

મહાલ કંગન હાથમાં, તેની ભાળતો બતાવ- વન. ૨

જગ્બનાથ— ૭૯

બૈઠા ક્યોં ચાહતા હૈ દીલમે, દીવાના આયાક્યું જંગલમે

રૂપ હૈ રાજ બંસી જેસા, લીયા ક્યોં યહ ભગવા બેસા

બીકટ છે જંગલ પણ ભારી આસકે નહીં કો નર નારી.
દીવાના તું કાંહાં શેં આવા, પન્તા મુજ કીને બતલાયા

ચંદ્ર— ૮૦

નાથ નીરંજન દેવ દીગંબર, અરજ સુણો પ્રીતથી મારી,
જંગલ જંગલ ભટકી થાકયો, પામ્યો નહીં મારી પ્યારી.
મહાલ ફંગન ગયું ગુરૂ મારૂ, હાય ગઇ મુજ લાલ પરી,
ચરણ શરણુછું નાથ તમારે, કાપો કસ્ટ મુજ કૃપા કરી

૮૧

પરીઓ—કેમ વસ્ત્ર હર્યાં તે આ વાર (૨)
તેતો આણીવાર. ખાશે માર હે ગમાર કેમ વસ્ત્ર. ટેક
ઝટપટ વસ્ત્ર લાવ, હવેતું નહીં સતાવ,
નહીં દીલતું દુભાવ, ફંદો ફંદેના ફસાવ,
મારોમાર, મારોમાર, નીરાધાર, આણીવાર,
વસ્ત્રલ્યાને પડાવીને સાર. કેમ. ૧

ચંદ્ર— ૮૨

હાય પ્રીયા મુજને તું વીસારી, આવી ઊડી ગઇ પાછી તું પ્યારી
-હાય
મહાલ ફંગન કરમાં ખળ કાવી, લટકો કરી ગઇ સમજાવી
પ્યારી–હાય. ૧
વીભ્રમ ભ્રુક વીલાશ કરેથી, સાન કરી ગઇતું સુખકારી–હાય. ૨

જબરનાથ—
પીછા બેટા કયું આયા લાલપરી કુસંગન કયું લાયા,
ચંદ્ર—વસ્ત્રહાંમેને ગુમાયા, મારમેને ગુરૂ પરીઓંકા ખાયા. ૧

ચંદ્ર— ૮૩

આહા આહા પ્યારી મારી લાલ આવીરે.
મારી લાલ આવીરે, મારે મંન ભાવીરે- આહા ટેક.
ચંદ્રવદન છે પંકજ નયની, રૂપ તણો અંબાર,

કુંડળ ઝળકે કંગન ખળકે, કંઠ કુશમના હાર- આહા. ૧
કનક મણીમય મુગટ ઝળકે, ચળકે લલીત લલાટ,
વક્ષ સ્થળ હરીચંદન મ્હેકે, સોભે સરોવર ઘાટ- આહા. ૨
ગુરૂ મંત્ર હું કાલે ભુલ્યો, તેથી ખાધો માર,
આજ ગુરૂનો મત ન ભુલું, પરી પમાડું હાર- આહા. ૩

પરીઓ— ૮૪

અમ અરજ અંતરમાં ઊતારી, આપો વસ્ત્ર હવે પ્રીત ધારી
હમો દાસી તમારી છાએ, આપો વસ્ત્ર અહીંથી જઇએ,
કાંહાં સુધી ખોટી થઇએ, જુઓ વીચારી- અમ- ૧

ચંદ્ર— ૮૫

જાઓ જાઓ અહીંથી નારી, કાલે ગઇતી તમે મને મારી. ટેક.
તમે શીદને ખોટી થાઓ, હવે આશ મુકીને જાઓ,
વસ્ત્ર આપું કંગન લાવો, પ્રીતી ઊર ધારી- જાઓ- ૧

પરીઓ— ૮૬

કંગન હાય કેમ અપાય જુઓ વીચારી મંનમાં,
વસ્ત્ર ત્યાંય નવ મુકાય ફસ્યા એ પાપી ફંદમાં- કંગન.
મંત્ર સાધના કરી, વેરી બેઠો વીચારમાં,
જાતાં પાં સખાખ થાય, હાય ચડ્યા કારમાં. કંગન- ૧
જો જો બેન છે પ્રતાપ, પ્રબલ પેલા દંડમાં,
જોયો નથી એવો પુરૂશ, બેની નવ ખંડમાં- કંગન. ૨

પરીઓ— ૮૭

હાં રશીલા છેલ છબીલા હે અલબેલા છોજી હઠીલા હાં-
ઘણાં ઘણાં નર નજરે ભાળ્યા, હમે પમાડ્યા હાર,
વીર વીજયી ચતુર નરને, કીધા હમોએ ઠાર- રશીલા. ૧
હવે હવે હમે ઓળખ્યા તમને, તમે છો રાજકુમાર,
સરાબ પાઇ ગયાતા નારી, લાલ તણાં દીલદાર, રશીલા. ૨

પ્રતાપી સુરવીર જાણી, પુરીયે હવે આસ,
લ્યો આ કંગન રાખો કરમાં, છે એ તમારી દાસ. રશીલા. ૩

ચંદ્ર— ૮૮

પ્રીત ધારી નારીએ. સુણો સાર– આણી વાર- પ્રીત- ટેક
વસ્ત્ર આપું પણ તમે કરોને કરાર- પ્રીત. ટેક.
આજ્ઞા મારી તમથી ન લોપાયે, શોપું જેને હું તમને,
પ્રીત– પ્રીત– પ્રીત. ધારીને ખચીત
તમો થૈ તેની નારી સાથે રહેવું પ્રીત ધારી. પ્રીત. ૧

લાલ— ૮૯

થયા હાલ આસા પ્યારા, (ચંદ્ર) પ્રીય વીયોગથી તારા- થયા.
સહન કર્યું દુખ અતી તુજ માટે, પ્રીતમ પ્રાણાધાર,
ચંદ્ર— થયું તે સાફલ્ય સૌ આવાર, મળી તું નાર. મળ્યા
(લાલ) દીલદાર- થયા. ૧
ચંદ્ર· પ્રીત તોડીને કંગન લઇને ક્રોધ કરી ગઇ નાર,
લાલ– કર્યાં કેમ કોલધાં પ્રાણાધાર, (ચંદ્ર)એ અન્નતસાર (લાલ)
હૈયા હાર- થયા. ૨

૯૦

લાલ— ક્ષમા કરો અપરાધ. દોસની વારીયે,
વીતેલ જે [illegible] વાત, હાવે વીસારીયે. ક્ષમા. ૧
છો નેકી ટે[illegible] [illegible] ચંદ્ર ચતુર છો,
પુનીત પ્રીત [illegible]ચીત. નીત વધારીયે. ક્ષમા. ૨
પદ પદમની હું દાસી, આપ આધીન છું,
ધન્ય ધન્ય આજનો દીન. આનંદ ધારીયે. ક્ષમા ૩

૯૧

ચંદ્ર— સોચ નહીં કર સુંદરી તું. પ્રીય કરી. હે પરી-
વરતનું તુજ પર વારી જઈંજી...... સોચ- ટેક
સુધા ભાષણી પંકજ નયની તું છે મારો પ્રાણ,

રમણી રશાળી ટીલડી કપાલ, ઓપીત.
મનોહર પયોધર નરખી પરણી ખુશ થાઊં હું,
ધન્ય ધન્ય ધન્ય, ધન્ય આજ દીન,
આનંદ આનંદ પ્યારી, સોચ નહીં કર સુંદરી તું- ૧

૯૨

ચેલા૦—— આહા શુભ બદન ગોરી કેશીરે- આહા.
ઇશ આલમમેં કોઇ ન દેખી હે રંભા જેસી. આહા. ૧
રૂપમે રતી દેખ લાજેરે- રૂપમે.
સૂરત મનોહર દેખ મદન મહીં કેતન ગાજે- આહા. ૨

વીર—કનક— ૯૩

ભલે ભ્રાત આવીને મળ્યા, દુખ દર્દ દીલ તણા ટળ્યા, ભલે.
સાથી દીવાના થયા હતા, કહો ભાઇ કયાં હે ગયા હતા,
દીન આટલા કયાં રહ્યા હતા, તમ દર્શ વીના ટળ વળ્યા. ભલે. ૧
તમ ગયે સોધ ઘણી કરી, પણ પત્તો નવ મળ્યો ફરી,
અંતઃકરણ આજ ગયુ ઠરી, સોચઓધ સર્વે દૂર પળ્યા- ભલે ૨

૯૪

ચંદ્ર—— સુણો હે ભ્રાત સકલ વાત કહું છું હું કથી,
થયો હતો દીવાનો પરી લાલ વીરહથી- સુણો.
ગુરૂ પ્રભાવથી કરી હું લાવીયો પરી,
ભમી ભમી અરણ્યમાં માહાં મ્હેનતે મથી. સુણો. ૧

૯૫

વખતશીહ—— સુણો અરજ સ્નેહથી મારી, સુણો-
અતી આનંદથી કહું છું આપને. સુણો- ટેક.
તે દીન વ્રત કારણથી આપે, વરી નહીં પુત્રી મારી,
વરવા તમ માટે તે રહીછે, આજ લગી કુંવારી
સુણો. ૧
જપ તપ વ્રત કરી દેહ દમેછે, શંકટ સહેછે ભારી,

રાજકુંવર છો રશીક સીરોમણ, લીઓ હવે સ્વીકારી,
સુણો. ૨

વીર—કનક— ૯૬
ભુપ આરજ ઊર ધારી. બાત સ્વીકાર કરો એ કુમારી,
ચંદ્ર— આગ્ના શીર ચડાવી, કબુલ કરું એ વાત પ્રીત ધારી. ૧

રાજકવી— ૯૭
સીંધદેશ સબ દેખલીયા, ઓર કચ્છ દેખા દેખી સોરઠી સત્તા,
દક્ષીણ દેશમે ઢુંઢ ફીરા સબી દેખલીયા ગુજરાત કાલત્તા.
રાજપુતાના અરૂ મારવાડ પંઝાબ લાહોર દીલ્લી કલકત્તા,
દેસ દેસાવર ઢુંઢ ફીરે હમ આખીર આપ મીલા આહાં પત્તા. ૧

૯૮
કવી—નૃપ સાર્દુલ સચીવને, પીડીત પ્રજાને ખાસ,
સમાચાર સબ રાજકા, લેબે જા તુમ પાસ.

૯૯
કવી— પોલમે પરાંમે સણી, પુરમે અધકાર ભયો.
કયા કહું મે સબી અબી, વો કુમાર આપકુ,
પીરત પ્રજાકુ પાપી, કુર ગાદી પત્તા ભયો,
હાથ કરી ડાર ડારે, કેદ આપ બાપકુ. ૧
ખેલત ગમાર જાર, રાની કુર બ્હોત પ્યાર,
બેઠો મત ઊઠો અબ, ચઢાઇએ ચાંપકુ,
કરો કુર ચુર ચુર, ક્ષત્રી નુર સરપૂર,
દીખાદો બનાદો દુર, પીતાકા સતાપકુ,

૧૦૦
કવી— અશી કટી લટ કાયકે, ચલીયે રાજકુમાર,
આપ બડે શીંહરાજ હો, હે કુરશીંહ શીયાર.
હે કુરશીંહ શીયાર, હાર કરીયે જહાં જાકે,
બોલે હે માહારાજ, પીર હર કુંવર બુલાકે;

બીરંગ કરો મન બીરું, કરો ગર્જના જાયકે,
બનો.હો જયકાર, આશી કરી લડ કોપકે- ૧

૧૦૧

ચંદ્ર— અરે આ શી અજાયબ વાત, ઊઠોની શમશેર ગ્રહીરે.
હવે વીલંબ કરો નવ ભ્રાત, ઊઠોની. ટેક.
કર્યો ફેર એ અપર માત, ઊઠોની.
દુખઃ સહેછે તુરંગમાં હે તાત, ઊઠોની-
કરીયે કુરશેનની જઈ ઘાત, ઊઠોની-
એ અધમની સી છે વીશાત. ઊઠોની- ૨

વીરશેન— ૧૦૨

મન મારૂં મુઝાયે, થાઊં અજાયબ વાત શુણી. મન- ટેક.
અપર માતાયે ફેર કરીનેરે, પૂર્યા પીતા તુરંગ માંયે- મન. ૧
રાજગાદી કુરશેનને આપી મોજ માણીને મન હરખાયે- મન. ૨
સત્વર સજ થાઓ સૌ ભાઇ, ગ્રહી સમસેર હવે કરમાંયે- મન. ૩

૧૦૩

ચંદ્ર— ધીક ધીક તને છે ગમાર ખેંચી આ ખડગ ઠાર મારૂંરે.
મુર્ખ જરા નહીં કીધો વીચાર, ખેંચી- ૧
વ્યભીચારી તું વીકારી ચંડાલ. ખેંચી-
પાપી આવ્યો છે હવે તારો કાલ, ખેંચી- ૨
મુજ તાતને કીધા તેં કેદ, ખેંચી-
જાણ્યા નફટ લંપટ તુજ ભેદ. ખેંચી- ૩
હવે છેદું આ અશીથી તારૂં શીશ, ખેંચી-
હવે સમરણ કર જગદીશ. ખેંચી ૪

ગંભીરશીંહ— ૧૦૪

ક્ષમા કરો દોષ સૌ મારા, પ્રતાપી પુત્રો છો પ્યારા,
કર્યું મારૂં ન વીચારો, નડયાં આ પાપ સૌ મારા, પ્રતાપી.
ત્રીયાના ફંદની માંહીં, ન સમજ્યો હું જરા કાંઇ,

લીયા પ્રપંચની માંહીં, દાગ્યો વનવાસ મે ભાઇ પ્રતાપી- ૧
નીદોશીને કર્યા ન્યારા, વેરી થઇને નડી દાગ
કરાવ્યા હાલ આ મારા, પડ્યા શીર દુખના ભારા પ્રતાપી.

કુમારો— પીતાજી શોચ નહીં ધારો. વાતલા વાત વીસારો,
બજાવ્યો ધર્મ હમારો, હમે છીએ દાસ તમારા પીતાજી

વીલાશવતી— ૧૦૫

થઇ હું હાય દુખીયારી, ગતી આશી થઇ મારી. થઇ હું.
વગર વીચારે કત્યમે, શું કીધા હાય,
પસ્તાવું હાવે પડે, લાગી ઊરમાં લ્હાય;
થઈ હું પાપીણી નારી, પડ્યું દુખ શીર આ ભારી. થઇ. ૧
દેશવટો દઇ પુત્રને,કેદ કરાવ્યા કંથ,
સ્યામ વદન મારૂં થયુ ચાલી અવળે પંથ;
મળી શીક્ષા હવે સારી, ઠરી હું હાય વ્યભીચારી. થઇ હું ૨
રહેતી મ્હેલ મંદીરમાં હતી હાકમી હાથ;
કેદ પડી મુજ કત્યથી, હાય થઇ અનાથ,
તજું હવે દેહ આ મારી, જખમ લાગ્યો રદય કારી. થઇ હું.-૩

૧૦૬

દરબારીઓ— ધન્ય ધન્ય મંગળ દીન આજે. (૨)
ધન્ય ધન્ય ઘડી પલવારરે. ધન્ય ધન્ય. ટેક.
દુખ સૌ વામ્યા, સુખ બહુ પામ્યા,
વર્ત્યો આનંદ જયકારરે- ધન્ય ધન્ય- ૧
રાજયા સન પદ પામ્યા પરમાત્મા,
વીરસેન રાજય કુંમારરે- ધન્ય ધન્ય. ૨
યાવત ચંદ્રઅર્ક મેદની
રહો રાજય અચલ શ્રી સારરે- ધન્ય ધન્ય- ૩

પાત્રો— ૧૦૭

સુણો સકળ સુસીલ સજ્જનો પસારી પૂરણ પ્યાર,

વીપુલ વ્હાલથી કરીયે વીનતી વીનય થકી આ વાર.
દોષ દુર કરો ખોડ પર હરો,
રાજ હંશની સમાન સર્વે અહો ગુણી જન સાર-સુણો.૧
ઊલટ ઊર અહી, પધારીયા અહીં,
સુબોધને મનરંજન માટે તસ્દી લઇ નીરધાર- સુણો- ૨
અન્ય ખેલ મહીં, પધારજો સહી,
રજા લઇએ હમો માફ કરો તમો તસ્દી સૌ નરનાર-સુણો

સમાપ્ત.

જાહેર ખબર.

નિચે લખેલા નાટકો ના ગાયનો, મુંબઇની પ્રખ્યાત કંપની ઓના રાગોમાં ઝડ ઝમકથી મનને આનંદ આપે એવા રચવામાં આવેલાછે. વધુ વર્ણન નકરતા કંઇની ખુબીઓ વાંચક વર્ગને ફક્ત એકજ વાર વાંચવાથી માલમ પડશે માટે જોઇયે તેમણે રોકડી કીંમતે મંગાવી લેવા

નાટકોનાં નામ		કિંમત
૧	સત્યવાદી શ્રીયાલરાજા	૦—૨—૦
૨	લાલપરી મહાલ ફેગન	૦—૨—૦
૩	રાજયોગી	૦—૨—૦

ટપાલ ખર્ચ જુદું

આશીવાય નિચે લખેલા નાટકના ગાયનના ઓપેરા ઓ હમારા તરફથી થોડી મુદતમાં છપાઇ બાહાર પડશે. માટે જેઓને ગ્રાહકથવાની ઇચ્છા હોય તેઓએ તાકીદે નામ નોંધાવવાં

		કિંમત
૧	માલવાના માહારાજા ભરતૃહરી.	૦—૨—૦
૨	સતીરાણક દેવી રાખેંગાર.	૦—૨—૦
૩	ગોપીચંદ શ્રીયારાજસાથે.	૦—૨—૦
૪	અંબરાજ હાડો.	૦—૨—૦
૫	મહાલ સાહતકેવળ	૦—૨—૦

લ. માણેકલાલ લક્ષ્મીદાસ.

મુ૦ વાલોડ, જીલ્લે. સુરત.